

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી ઍમ પટેલ કુમાર અને શ્રીમતી ઍચ વી પટેલ કન્યા બાલમંદિર, ગુજરાતી માધ્યમનાં નાનાં ભુલકાઓએ જન્માષ્ટમી પર્વની ઉજવણી ઉત્સાહપૂર્વક કરી હતી. સૌપ્રથમ કનૈયાની શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ભુલકાઓ મન મુકીને નાચ્યા હતા અને 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી' નાદ કર્યા હતા. આ પ્રસંગે મટકીફોડ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને કૃષ્ણની આરતી પણ કરવામાં આવી હતી. સૌએ એકબીજા પર ગુલાલ તથા ફૂલોની વર્ષા કરીને સમગ્ર પરિસરને ભક્તિમય બનાવી દીધું હતું. કૃષ્ણ, ગોવાળ તથા ગોપીઓના વેશમાં ભુલકાંઓએ સુંદર દશ્યોનું સર્જન કર્યું હતું. આ પ્રસંગે કૅમ્પસ ડિરેક્ટર સોમભાઈ પટેલ, ઍમ બી પટેલ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન તેમજ બાલમંદિરના સંયોજક કિરણબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ભાડજના હરેકૃષ્ણ મંદિર ખાતે બે દિવસીય જન્માષ્ટમી મહોત્સવ

સમાજમાં વૈદિક સાંસ્કૃતિક મૂલ્યો અને નીતિમત્તાને પ્રસરાવવાનું કાર્ય કરતી અને ધાર્મિક, સખાવતી તથા સામાજિક જાગૃતિ જેવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હરેકૃષ્ણ મૂવમૅન્ટ, અમદાવાદ દ્વારા ભાડજ ગામ ખાતે નિર્મિત હરેકૃષ્ણ મંદિર ખાતે બે દિવસીય જન્માષ્ટમી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

મૂવમૅન્ટના અમદાવાદના અધ્યક્ષ જગમોહન ક્રિષ્નદાસ જન્માષ્ટમી ભવ્યતા સમજાવતાં જણાવે છે કે જન્માષ્ટમી એ ભગવાન શ્રીકૃષ્ણની મથુરાની પવિત્રભૂમિ પર દિવ્યપ્રાગટ્યની ઉજવણી છે. ભગવાન શ્રીકૃષ્ણે પોતાની વિવિધ લીલાઓ મારફતે પાત્રતા ધરાવતા આત્માઓને આકર્ષિત કરી ભૌતિક જગતની પકડમાંથી મુક્ત કર્યા હતા. જન્માષ્ટમીની ઉજવણી વિશ્વભરમાં થાય છે. હરેકૃષ્ણ મૂવમૅન્ટ દ્વારા ભાડજમાં નવનિર્મિત હરેકૃષ્મ મંદિરમાં ભવ્ય ઉજવણીનું



આયોજન પ્રથમવાર થઈ રહ્યું છે. આગામી તા. ૫ અને ૬ સપ્ટેમ્બરના રોજ આયોજિત જન્માષ્ટમી મહોત્સવમાં ભાગ લેવા અને ભગવાન શ્રીકૃષ્ણના આશીર્વાદ મેળવવા સૌને આમંત્રણ પાઠવ્યું છે.

મહોત્સવ અંતર્ગત તા. ૫ના રોજ સવારે ૮થી રાત્રીના ૧૨.૩૦ કલાક સુધી દર્શનનો લાભ ભાવિકોને મળી શકશે. સવારે ૯.૩૦થી કૃષ્ણ હૅરીટેડ સમારોહ સ્પર્ધા, બપોરે ૧૨ કલાકે અને સાંજે ૭.૩૦ કલાકે શ્રી રાધા માધવજીનો મહાઅભિષેક, સાંજે ૫.૦ કલાકથી નયન પંચોલી દ્વારા ભજન સંધ્યા, રાત્રીના ૧૦થી ૧૧.૩૦ દરમ્યાન ડૉ. મલ્લિકા સારાભાઈ અને દર્પણ ઍકેડેમી ઑફ આર્ટ દ્વારા કૃષ્ણલીલા પર નૃત્ય-નાટક અને મધ્યરાત્રીના ૧૨ કલાકે મહામંગળા આરતી યોજાશે.

આ દિવસના વિશેષ આયોજનરૂપે હરેકૃષ્ણ મંદિર દ્વારા પાંચ હજાર કિગ્રા લાડુ બનાવીને મુલાકાતીઓને પ્રસાદરૂપે આપવામાં આવશે. ઉપરાંત ૫૦૦ કિગ્રા માખણમિસરી અને પ્રસાદઘરની ૧૦૮ વિશેષ વાનગીઓ ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરીને ભક્તોને પ્રસાદરૂપે આપવામાં આવશે.

હરેકૃષ્ણ મંદિરમાં ઉત્તર ભારતનાં મંદિરોની જેમ ફૂલબંગલાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણની વૃંદાવન લીલાઓ અને લિટલ ક્રિષ્ના નામનો ઍનીમેશન શો પણ દર્શાવવામાં આવશે અને કૃષ્ણ લીલા ઉપરાંત શ્રીકૃષ્ણ માટે હિંડોળા સેવા પણ ભક્તો માટે દિવસભર ચાલુ રહેશે.

જન્માષ્ટમીના દિવસે હરિનામ જપયજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણના ૧૦ લાખ જપ કરવામાં આવશે અને મુલાકીતોને તેમાં ભાગ લેવાની તક આપવામાં આવશે.

તા. ૬ના રોજ સવારે ૧૦.૩૦થી બપોરે ૨ સુધી શ્રીકૃષ્ણ અને પૌરાણિક કોશ્ચ્યુમ સ્પર્ધા, સાંજે ૬.૩૦થી રાત્રીના ૮. સુધી ભજન સંધ્યાનો કાર્યક્રમ, સાંજે ૭થી ૮ સુધી શ્રીલ પ્રભુપાદજીના મહાઅભિષેકનો કાર્યક્રમ તથા નંદોત્સવ અને વ્યાસપૂજા યોજવામાં આવશે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૦૦
ફૅન્ટમ
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
પાયુમ પુલી (તમિલ)
૭.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૧૧.૦૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૨.૧૫, ૬.૧૫, ૧૦.૧૫
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (અંગ્રેજી)
૪.૧૫, ૮.૧૫

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧**
વૅલકમ બૅક
સવારે ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૯.૧૫
વૅલકમ બૅક
૧૧.૧૫, ૨.૩૦, ૪.૪૫, ૯

**સ્ક્રીન-૩**
ફૅન્ટમ
સવારે ૧૦.૨૦
ટ્રાન્સપૉર્ટર રિફ્યુઅલ્ડ (હિન્દી)
૧.૧૫, ૫.૩૫, ૧૧.૦૦
હિટમૅન (અંગ્રેજી)
૩.૨૫
વૅલકમ બૅક
૭.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૦.૧૫
ફૅન્ટમ
૧.૩૦, ૪.૨૫, ૯.૩૦
હિટમૅન (અંગ્રેજી)
૭.૨૦

## રંગભૂમિ પર સફળતા બાદ ગુજ્જુભાઈ હવે રૂપેરી પડદે

# 'ગુજ્જુભાઈ ધ ગ્રેટ' ૧૮ સપ્ટેમ્બરથી સિનેમાઘરોમાં



### સિધ્ધાર્થ રાંદેરિયા ઉપરાંત જીમિત ત્રિવેદી, સ્વાતિ શાહ, દિપના પટેલ, ધર્મેશ વ્યાસ અને અન્નપૂર્ણા શુક્લ અભિનયકર્તા તરીકે

ગાંધીનગર, તા. ૩

રંગભૂમિ ઉપર અભૂતપૂર્વ સફળતા અને દુનિયાભરમાં ૧૨૦૦૦ ઉપરાંત પ્રયોગોના વિક્રમ પછી, ગુજરાતી તખ્તાના સુપર સ્ટાર સિધ્ધાર્થ ગુજ્જુભાઈ રાંદેરિયા હવે ફિલ્મરસિકોના હૃદય જીતવા આવી રહયા છે. રૂપેરી પરદે ૧૮મી સપ્ટેમ્બરનાં દિને કિંગ ઑફ કૉમેડી સિધ્ધાર્થ રાંદેરિયા ગુજરાતી ભાષાની પ્રથમ સુપર કોમેડી ફિલ્મ ગુજ્જુભાઈ ધ ગ્રેટ માં ગુજ્જુભાઈની ભૂમિકામાં રજૂ થશે.

લગે રહો ગુજ્જુભાઈ, ગુજ્જુભાઈની ગોલમાલ, ગુજ્જુભાઈ ઘોડે ચઢયા, ગુજ્જુભાઈ બન્યા દબંગ જેવાં ગુજ્જુભાઈ સિરિઝના નાટકોએ સમગ્ર વિશ્વનાં ગુજરાતી પ્રેક્ષકોનું દિલ જીતી લીધું છે અને હવે ગુજ્જુભાઈને ફિલ્મમાં જોવા એ પ્રેક્ષકો માટે અનેરો લ્હાવો છે.

ફિલ્મ જગતના વર્તુળોમાં પણ આ બ્રાન્ડના આગમનથી ઈંતેજારી અને ઉત્સાહ છે. બિનગુજરાતી પ્રેક્ષકો પણ આ ધમાકેદાર ફિલ્મ જોવા ઉત્સુક છે, જેનું ટ્રેઈલર ઓનલાઈન ૨૫મી ઓગષ્ટ અને સીનેમા હોલમાં ૨૮મી ઓગષ્ટથી શરૂ થઈ ગયું છે.

રંગમંચ પર પંકાયેલી આ સિરિઝના અને ગુજ્જુભાઈના ચાહકો દુનિયાભરમાં ફેલાયેલા છે અને ફિલ્મરસિકોને પણ એની રજૂઆતની તાલાવેલી છે.

ગુજ્જુભાઈ ધ ગ્રેટ ફિલ્મના પ્રસ્તુતકર્તા નક્ષા એન્ટરટેઈનમેન્ટ, વડોદરા છે. આ ફિલ્મનું નિર્માણ દેવેન્દ્ર એન. પટેલ દ્વારા સિધ્ધાર્થ રાંદેરિયા પ્રોડક્ષનના સહયોગમાં કરવામાં આવ્યું છે. તેના સહયોગી નિર્માતા મૃગાંક શાહ છે. આ ફિલ્મની પટકથા અને દિગ્દર્શન ઈશાન રાંદેરિયાએ કરેલ છે. હાસ્યથી ભરપૂર આ ફિલ્મમાં અદભુત સંગીત પાર્થ ઠકકર અને અદ્વૈત નેમલેકર અને ગીત નીરેન ભટ્ટ અને ઈશાન રાંદેરિયાએ આપ્યુ છે. આ ફિલ્મમાં ગુજરાતી રંગભૂમિનાં દુનિયાભરમાં જાણીતા અને લોકચહિતા સિધ્ધાર્થ રાંદેરિયા, જીમિત ત્રિવેદી, સ્વાતિ શાહ, દિપના પટેલ, આલેખ સંઘલ, સુનિલ વિશ્રી, આકાશ ઝાલા, ખતેરા હકીમી અને ધર્મેશ વ્યાસ, અન્નપૂર્ણા શુક્લ અભિનય આપી રહ્યા છે.

### જીપીઍસસી મેઈન્સની તૈયારી માટે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા તાલીમ વર્ગો

ગાંધીનગર, તા. ૩

રાજપૂત સમાજના જે યુવક-યુવતિઓ જીપીઍસસી વર્ગ-૧, ૨ની પ્રિલિમ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે તેમને માટે મેઈન્સની તૈયારી માટેના તાલીમ વર્ગોનું આયોજન કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ દ્વારા કરવામાં આવ્યું છે.

કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજની એક અખબારી યાદીમાં આ અંગેની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે જીપીઍસસી મેઈન્સ પરીક્ષા માટેના આ તાલીમ વર્ગમાં પ્રવેશ માટે દરેક તાલીમાર્થીએ રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે, એ પછી જ તેને તાલીમ વર્ગમાં પ્રવેશ મળી શકશે.

તાલીમ વર્ગોમાં પ્રવેશ હેતુ રજિસ્ટ્રેશન માટે આગામી તા. ૬ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના ગાંધીનગર કાર્યાલય ખાતે ઉપસ્થિત થવા સૌ ઉમેદવારોને સૂચના આપવામાં આવી છે.

આ અંગેની વધુ વિગતો માટે ફોન નં. ૨૩૨૨૬૪૪૪ના માધ્યમથી કાર્યાલયનો સંપર્ક કરવા વધુમાં જણાવાયું છે.

# સૅક્ટર-૫ ખાતે પ્રેરણા વિદ્યાલય દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા. ૩

વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર કરતી સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી અનન્ય ઉત્સાહ સાથે ધામધૂમથી કરવામાં આવી હતી.

સુંદર રીતે તૈયાર થઈને આવેલાં નાનાં ભૂલકાઓએ આંખો ઠારે એવાં દશ્યોનું સર્જન કર્યું હતું. ભવ્ય રાજસિંહ ગોહિલ નામનો નાનકડો વિદ્યાર્થી કાનુડો બનીને આવ્યો હતો અને અશ્મિબા વાઘેલા તથા કાવ્યા સોલંકી રાધાનો વેશ સજીને શાળામાં આવ્યાં હતાં.

સુંદર રીતે સજેલા કાનુડાએ પંચામૃતનો પ્રસાદ ભરેલી મટકી ફોડતાં જ વિદ્યાર્થીઓએ કૃષ્ણના નામનો જયઘોષ કર્યો હતો.

સમગ્ર શાળાના વિદ્યાર્થીઓને ત્યારબાદ માખણ, ચોકલેટ તથા કેળાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન બાલમંદિરનાં શિક્ષિકા હિનાબેન ત્રિવેદી, મનીષાબેન ભટ્ટ તતા સોનલબા રાઓલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આખું વિશ્વ 'એક સંસાર' હોવું જોઈએ જ્યાં બૉર્ડરને કોઈ સ્થાન ન હોય !

## ગાંધીનગરના બે યુવાનો ધીરજ નાનકભાઈ સંતદાસાની અને જય હિતેષભાઈ પટેલે ઈન્ટરનેશનલ પીસ બિલ્ડીંગ યુથ ફોરમમાં ભાગે લઈ ગૌરવ વધાર્યું

'સાઉથ કોરિયામાં લોકો સ્વયંશિસ્તના હિમાયતી છે અને અહીં ચોખ્ખાઈ પણ ખૂબ છે.'

આ શબ્દો છે ગાંધીનગરના બે યુવાનો ધીરજ નાનકભાઈ સંતદાસાની અને જય હિતેષભાઈ પટેલના. બંને યુવાનોએ તાજેતરમાં સાઉથ કોરિયાની મુલાકાત લીધી હતી અને તેનાથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

યુનેસ્કો હાઈ કમિશન ઑફ કોરિયા દ્વારા ચોથી આંતરરાષ્ટ્રીય પીસ બિલ્ડીંગ યુથ ફૉરમમાં ભાગ લેવા તા. ૯થી ૧૩ ઑગષ્ટ દરમ્યાન સાઉથ કોરિયાના પાટનગર સિઓલ ખાતે બંને યુવાનો ગયા હતા.



(તસવીર : કશ્યપ નિમાવત)

દુનિયાભરમાંથી ૫૦ યુવાનોની પસંદગી આ પરિસંવાદ માટે કરવામાં આવી હતી, જે પૈકી ભારતનું પ્રતિનિધિત્વ ગાંધીનગરના આ બે યુવાનોએ કર્યું હતું. બંને યુવાનો સિવિલ ઍન્જિનીયરીંગનો અભ્યાસ કરી રહ્યા છે. ધીરજના પિતા યુનિસેફના કર્મચારી છે અને માતા ગૃહિણી તો જયના પિતા સિવિલ ઍન્જિનીયર છે અને માતા ગૃહિણી.

પરિસંવાદ વિશે બંનેએ મિત્રો પાસેથી માહિતી મેળવી હતી અને તેના આધારે અરજી કરી હતી. અલબત્ત, અરજી સાથે ૭૦૦ શબ્દોમાં નિબંધ પણ લખી મોકલવાના હતા, વિષય હતા : (૧) વિશ્વશાંતિ માટે યુવાવર્ગની ભૂમિકા અને (૨) બીજા વિશ્વયુદ્ધ બાદ એવી કઈ બાબતો છે જેને લીધે શાંતિ જાળવવા પ્રયાસ થાય? તેમજ (૩) તમારા પાઠ્યપુસ્તકમાં આ વિષયક કોઈ ઉલ્લેખ છે? શું સુધારા લાવી શકાય? આ વિષય પર બંનેએ લખ્યું અને ૭ દિવસમાં પસંદગી થઈ ગઈ.

ધીરજ અગાઉ રશિયા જઈ આવ્યો છે જ્યારે જય પ્રથમ વખત વિદેશ પ્રવાસે ગયો હતો.

આ પરિસંવાદમાં ભારત, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, જાપાન, કોરિયા, મલેશિયા, મોંગોલિયા, ફિલિપાઈન્સ, સિંગાપુર, તાઈવાન, થાઈલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન, ચીન, વિયેતનામ, ઈંગ્લેન્ડ જેવા દેશોના યુવાનોએ ભાગ લીધો હતો. ૨૦ યુવતિઓ પણ પરિસંવાદમાં હિસ્સેદાર હતી.



વાત-વાતમાં

કુંતલ નિમાવત

દેશ-દેશ વચ્ચે સંબંધો કેળવાય એ માટે યુવાઓની ભૂમિકા શું? એ બાબતે પરિસંવાદ અંતર્ગત જૂથ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પણ આ બંને યુવાનોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

દક્ષિણ કોરિયા વિશેની વાત કરતાં બંને જણાવે છે કે કોરિયાની ૬૦ ટકા વસતી તેના પાટનગર સિોલમાં વસે છે. અહીંના લાકોને માતૃભાષા પ્રત્યે ખૂબ પ્રેમ છે અને આખું સિઓલ શહેર વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ છે તેથી અહીં દરેક વ્યક્તિના હાથમાં સૅલ્યુલર ફોન અચૂક જોવા મળે છે.

અહીંની પોલીસ સો ટકા પબ્લિક માટે કામ કરે છે અને ૧૮ વર્ષ પૂર્ણ કરનાર દરેક નાગરિકને બે વર્ષની સ્વરક્ષણની આકરી તાલીમ ફરજિયાતપણે લેવી પડે છે. આ તાલીમનો મોટો ફાયદો એ છે કે અહીં ક્રાઈમ નહીંવત્ છે.

સિઓલમાં ઘણી ભારતીય રેસ્ટોરાં છે, જેમની વિશેષતા એ છે કે દરેક રેસ્ટોરાંમાં મહાત્મા ગાંધી, રવિન્દ્રનાથ ટાગોર અને એપીજે અબ્દુલકલામના ફોટોગ્રાફ હોય છે.

આ બંને યુવાનોએ ખ્યાત કંપની સૅમસંગ અને હ્યુન્ડાઈની મુલાકાત પણ લીધી હતી, જ્યાં પ્રથમ માળે શુદ્ધ શાકાહારી રેસ્ટોરાં 'ગંગા' જોઈને બંને ખુશખુશાલ થઈ ગયા હતા.

સિઓલમાં રહેતા જયપુરના વતની ચિરાગ જૈન સાથે બંનેને મિત્રતા થઈ ગઈ, જેની સાથેના સંપર્કો હજુય બંને પક્ષે જાળવી રાખ્યા છે.

સૌથી મોટી વાત બંનેને એ આશ્ચર્ય પમાડી ગઈ કે અહીં થતા નાણાકીય વ્યવહારોમાં નાણાની લેવડદેવડ હાથોહાથ થતી જોવામાં જ નથી આવતી, બધે મશીનથી જ કામ થઈ જાય છે!

ભારતીય ફિલ્મસ્ટાર શાહરૂખ ખાન-વીરઝારાને કારણે અને આમીર ખાન-થ્રી ઈડિયટ્સને કારણે ત્યાં ખાસ્સા પ્રસિધ્ધ છે અને તે પણ એટલા બધા કે ત્યાંના યુવાનો પણ છૂટથી 'ઑલ ઈઝ વૅલ' બોલે છે.

ધીરજ અને જય દ્વારા કોરિયાના નાગરિકોને ભારતીય ધ્વજ વિશે માહિતી આપી અને તેમને 'નમસ્તે' તથા 'જય હો' શબ્દો શીખવ્યા હતા. બંનેના ઘરેથી બનાવીને આપેલાં થેપલાં, સુખડી, પુરી વગેરે વાનીઓ ત્યાંના યુવાનોને ખૂબ ભાવી હતી અને એમણે તે ચાવથી આરોગી હતી.

દેશ ટૅકનોલૉજીના ક્ષેત્રમાં બહુ આગળ છે અને અહીંના લોકો દેશની પ્રગતિને જ પોતાની પ્રગતિ માને છે ને તેથી દેશની પ્રગતિ માટે નિષ્ઠાથી કામ કરે છે. અહીંના યુવાનોને રાજકારણથી જરાય છોછ નથી, ઉલ્ટું તેઓ એમ માને છે કે રાજકારણમાં યુવાનો આવશે તો દેશની સિકલ બદલી શકાશે.

અહીંના યુવાનોની દૃષ્ટિ દેશ-દેશ વચ્ચેના સંબંધોને મીઠા કરવા માટે કેળવાયેલી છે અને અહીંના યુવાનો દૃઢપણે એવું માને છે કે આખું વિશ્વ 'એક સંસાર' હોવું જોઈએ, જ્યાં બૉર્ડરને કોઈ સ્થાન ન હોય!

# રાષ્ટ્રીય શાયરની ૧૧૯મી જન્મજયંતિ નિમિત્તે લોકડાયરાનું આયોજન કરાયું



ગાંધીનગર, તા. ૩

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૧૯ની જન્મજયંતીએ એમની જન્મભૂમિ ચોટીલા ખાતે 'કસુંબીનો રંગ' - કસુંબલ લોકડાયરાનું ભવ્ય આયોજન થયું હતું, જેમાં ૧૫૦૦૦થી વધુ વિશાળજનમેદની ઊમટી હતી. યુવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર તથા ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી પ્રસ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન, અમદાવાદ દ્વારા, સતત છઠ્ઠા વર્ષે, આ સ્વરાંજલિ કાર્યકર્મનું આયોજન કરાયું હતું.

ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણી અને માતા કુસુમબેન મેઘાણી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવ, ગુજરાત નશાબંધી બોર્ડના ડીરેકટર મેરૂભાઈ ખાચર સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, મેઘાણી-ચાહકો, સાહિત્ય-લોકસાહિત્ય-પ્રેમીઓ, નગરજનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ગુજરાતના ખ્યાતનામ લોકગાયક અભેસિંહ રાઠોડ, કોકિલકંઠી લોકગાયિકા લલિતાબેન ઘોડાદ્રા, નીલેશ પંડ્યા અને રાધાબેન વ્યાસે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી રચિત-સંપાદિત ગીતો-લોકગીતો-ભજનોની રમઝટ બોલાવી હતી. સુપ્રસિધ્ધ લોકકલાકાર-હાસ્યકાર ધીરૂભાઈ સરવૈયાએ, પોતાની આગવી શૈલીમાં, ઝવેરચંદ મેઘાણીનાં જીવન-કવન વિશે રસપ્રદ વાતો કહીને સહુને મોજ કરાવી. જાણીતા લોકકલાકાર-વાર્તાકાર-કવિ અનુભા ગઢવીએ મેઘાણી-સાહિત્ય-લોકસાહિત્યનો આસ્વાદ કરાવ્યો. ખ્યાતનામ સંગીતકાર પંકજ ભટ્ટનું સુરીલું સંગીત નિયોજન હતું.

ઐતિહાસિક ઝવેરચંદ મેઘાણી જન્મસ્થળ સ્મારક ખાતે મોટી સંખ્યામાં શાળાઓનાં વિદ્યાર્થીઓએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ઝવેરચંદ મેઘાણીના જીવન-કાર્યનું પ્રદર્શન પણ રસપૂર્વક નિહાળ્યું હતું. ઝવેરચંદ મેઘાણીનો જન્મ પોલીસ-લાઈનમાં થયો હોવાથી પોલીસ-વિભાગ તેમનું 'લાઈન-બોય' તરીકે સવિશેષ ગૌરવ અનુભવે છે અને આથી ગુજરાત પોલીસ તરફથી વિશેષ શ્રધ્ધા-સુમન અર્પણ થયાં હતાં.